<u>પત્રક ભાગ-૨</u>

<u>ચૌદમી ગુજરાત વિધાનસભા</u>

<u>ગુરૂવાર, તા.૨૬/૦૮/૨૦૨૧</u>

૩૭૫. <u>ચૌદમી ગુજરાત વિધાનસભાના નવમા સત્ર દરમિયાન તારાંકિત પ્રશ્નો પૂછવા માટેના દિવસોનો કાર્યક્રમ</u>

ચૌદમી ગુજરાત વિધાનસભાના નવમા સત્ર દરમિયાન તારાંકિત પ્રશ્નો પૂછવા માટેના દિવસોનો, સોમવાર, તા.૨૭મી સપ્ટેમ્બર અને મંગળવાર, તા.૨૮મી સપ્ટેમ્બર – ૨૦૨૧નો કાર્યક્રમ માનનીય અધ્યક્ષશ્રીએ આ સાથેના પરિશિષ્ટમાં દર્શાવ્યા મુજબનો ઠરાવ્યો છે.

માનનીય મંત્રીશ્રીના નામ સામે આસન-૨માં જે તારીખ દર્શાવી છે તે તારીખે સંબંધકર્તા મંત્રીશ્રી ગૃહમાં પ્રશ્નોના જવાબ આપશે. આ માટેના પ્રશ્નોની સૂચના વહેલામાં વહેલી કઇ તારીખે અને મોડામાં મોડી કઇ તારીખે આ સચિવાલયને મળવી જોઇએ તે તારીખ અનુક્રમે આસન-૩ અને આસન-૪ માં દર્શાવી છે.

<u>જે મંત્રીશ્રીને સંબોધીને પ્રશ્ન પૂછવાનો હોય તેમનો સત્તાવાર હોદ્દો અને જવાબ મેળવવાની ચોક્કસ તારીખ જે સૂચનામાં દર્શાવવામાં નહીં આવી હોય તેવી સૂચના વિચારણામાં લેવાનું શકય બનશે નહીં.</u>

વધુમાં ઠરાવેલ દિવસના પ્રશ્નો સંબંધમાં સભ્યોનો અગ્રતાક્રમ નકકી કરવા માટેનું <u>બેલેટ અગાઉના અઠવાડિયાના તે જ દિવસે બપોરના ૨-૦૦ કલાકે પ્રશ્ન શાખાનું કામ સંભાળતા ઉપસચિવ **શ્રી હર્ષિલ પટેલ**ની ચેમ્બરમાં યોજવામાં આવશે.</u> જો તે દિવસ રજાનો હશે તો બેલેટ તેના અગાઉના કામકાજના દિવસે યોજવામાં આવશે.

માનનીય સભ્યશ્રીઓ પ્રશ્નોની સૂચના મોકલતી વખતે આ બાબતો અંગે કાળજી રાખશે તેવી અપેક્ષા રાખવામાં આવે છે.

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.**

**ડી. એમ. પટેલ**
**સચિવ**
**ગુજરાત વિધાનસભા**

## <u>પ રિ શિ ષ્ટ</u>

| લાગતા વળગતા મંત્રી અને તેમના ખાતા | પ્રશ્નોના મૌખિક જવાબ આપવા માટે ઠરાવેલ દિવસ | પ્રશ્નોની સૂચના મળવાનો પહેલો દિવસ | પ્રશ્નોની સૂચના મળવાનો છેલ્લો દિવસ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |

### જૂથ-૧

| | | | |
|---|---|---|---|
| **૧. શ્રી વિજયભાઇ રમણીકલાલ રૂપાણી, માનનીય મુખ્યમંત્રીશ્રી:** (સામાન્ય વહીવટ, ઉદ્યોગ, ગૃહ, શહેરી વિકાસ, બંદરો, ખાણ-ખનિજ, માહિતી પ્રસારણ, પેટ્રોકેમિકલ્સ, કલાયમેટ ચેન્જ, આયોજન, સાયન્સ એન્ડ ટેક્નોલોજી, જળસંપત્તિ તમામ નીતિઓ અને કોઇ મંત્રીશ્રીઓને ન ફાળવેલ હોય તેવી તમામ બાબતો)<br>**૨. શ્રી રણછોડભાઇ ચનાભાઇ ફળદુ:**<br>(કૃષિ, ગ્રામ વિકાસ, વાહન વ્યવહાર)<br>**૩. શ્રી કૌશિકકુમાર જમનાદાસ પટેલ:**<br>(મહેસૂલ)<br>**૪. શ્રી જયેશ રાદડીયા:**<br>(અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબત, કુટીર ઉદ્યોગ, છાપકામ અને લેખન સામગ્રી)<br>**૫. શ્રી દિલીપકુમાર વિરાજી ઠાકોર:**<br>(શ્રમ અને રોજગાર, ડીઝાસ્ટર મેનેજમેન્ટ, યાત્રાધામ વિકાસ)<br>**૬. શ્રી કુંવરજીભાઇ બાવળીયા:**<br>(પાણી પુરવઠા, પશુપાલન, ગ્રામ ગૃહ નિર્માણ)<br>**૭. શ્રી જવાહરભાઇ ચાવડા:**<br>( પ્રવાસન, મત્સ્યોદ્યોગ )<br>**૮. શ્રી પ્રદીપસિંહ ભગવતસિંહ જાડેજા:**<br>(રાજ્યકક્ષા) (સ્વતંત્ર હવાલો)<br>(પોલીસ હાઉસીંગ, બોર્ડર સિક્યુરિટી, સીવીલ ડીફેન્સ, ગ્રામ રક્ષક દળ, જેલ, નશાબંધી આબકારી, સ્વૈચ્છિક સંસ્થાઓનું સંકલન, બિન નિવાસી ગુજરાતી પ્રભાગ, પ્રોટોકૉલ)<br>**૯. શ્રી ઇશ્વરસિંહ ઠાકોરભાઇ પટેલ:**<br>(રાજ્યકક્ષા) (સ્વતંત્ર હવાલો)<br>(સહકાર, રમત-ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ) | **સોમવાર,**<br>**તા.૨૭/૦૯/૨૦૨૧** | ------- | ***સોમવાર,**<br>**તા.૦૬/૦૯/૨૦૨૧** |

| લાગતા વળગતા મંત્રી અને તેમના ખાતા | પ્રશ્નોના મૌખિક જવાબ આપવા માટે ઠરાવેલ દિવસ | પ્રશ્નોની સૂચના મળવાનો પહેલો દિવસ | પ્રશ્નોની સૂચના મળવાનો છેલ્લો દિવસ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |

**જૂથ–૨**

| | | | |
|---|---|---|---|
| **૧. શ્રી નીતિનભાઇ પટેલ, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી:**<br>(નાણાં, માર્ગ અને મકાન, આરોગ્ય અને પરિવાર કલ્યાણ, તબીબી શિક્ષણ, નર્મદા, કલ્પસર, પાટનગર યોજના)<br>**૨. શ્રી ભુપેન્દ્રસિંહ મનુભા ચુડાસમા:**<br>(શિક્ષણ(પ્રાથમિક,માધ્યમિક,પ્રૌઢ), ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ, કાયદો અને ન્યાયતંત્ર, વૈધાનિક અને સંસદીય બાબતો, મીઠા ઉદ્યોગ, ગૌ–સંવર્ધન, નાગરિક ઉડ્ડયન)<br>**૩. શ્રી સૌરભ પટેલ:**<br>(ઊર્જા)<br>**૪. શ્રી ગણપતભાઇ વેસ્તાભાઇ વસાવા:**<br>(આદિજાતિ વિકાસ, વન, મહિલા અને બાળ કલ્યાણ)<br>**૫. ઇશ્વરભાઇ રમણભાઇ પરમાર:**<br>(સામાજિક ન્યાય અને અધિકારીતા (અનુસૂચિત જાતિ કલ્યાણ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોનું કલ્યાણ સહિત))<br>**૬. શ્રી જયદ્રથસિંહજી ચંદ્રસિંહજી પરમાર:**<br>(રાજ્યકક્ષા) (સ્વતંત્ર હવાલો)<br>(પંચાયત, પર્યાવરણ) | **મંગળવાર,**<br>**તા.૨૮/૦૯/૨૦૨૧** | --------- | ***સોમવાર,**<br>**તા.૦૬/૦૯/૨૦૨૧** |

***** ચૌદમી ગુજરાત વિધાનસભાનું નવમું સત્ર ટૂંકી મુદતથી બોલાવવામાં આવ્યું હોવાથી જૂથ ૧ અને ૨ માટે તારાંકિત પ્રશ્નોની સૂચનાઓ મોડામાં મોડી કઇ તારીખ સુધીમાં આ સચિવાલયને પહોંચતી કરી શકાય તે માટેની મુદતમાં માનનીય અધ્યક્ષશ્રીએ છૂટછાટ મૂકીને **સોમવાર, તા. ૬ઠ્ઠી સપ્ટેમ્બર, ૨૦૨૧** નક્કી કરેલ છે.

******************************